# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 16-01-2025** **Evening: 7.50 TO 8.00**
**Day : THURSDAY** **National News**

### આકાશવાણી સમાચાર અનિલ પટેલ વાંચે છે.

*****************************************************

1) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વડનગરમાં ૪૦૦ કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ યોજનાઓનું ઉદઘાટન કર્યું

2) કેન્દ્રીય મંત્રીમંડળે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી

3) કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નિતિન ગડકરીએ જણાવ્યું છે કે, સરકાર નાગરિકોની માર્ગ સલામતી માટે પ્રતિબધ્ધ છે.

4) સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે બ્રિટનના સંરક્ષણ મંત્રી સાથે સંરક્ષણ સહયોગ મુદ્દે ચર્ચા કરી

5) ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની મહિલા સિંગલ્સમાં પીવી સિંધુ અને પુરુષ સિંગલ્સમાં કિરણ જ્યોર્જ ક્વાર્ટર ફાઇનલમાં

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# Amit shah Vadnagar

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, વડનગર હિન્દુ, બૌદ્ધ અને જૈન એમ ત્રણ ધર્મોનું મહત્વપૂર્ણ કેન્દ્ર રહ્યું છે. આજે વડનગરમાં 400 કરોડ રૂપિયાથી વધુના વિવિધ વિકાસ પ્રોજેક્ટ્સના ઉદ્ઘાટન પ્રસંગે બોલતા શ્રી શાહે કહ્યું, "આજે, અમે વડનગરને ભારત અને વિશ્વના નકશા પર સ્થાન આપી રહ્યા છીએ." તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વતન શહેરને ઇતિહાસ અને પરંપરાઓની ભૂમિ ગણાવી હતી.

શ્રી શાહે 298 કરોડ રૂપિયાનાં ખર્ચે નિર્મિત પુરાતત્વીય અનુભવાત્મક સંગ્રહાલયનું ઉદઘાટન કર્યું. આ સંગ્રહાલય વડનગરના 2500 વર્ષથી વધુના સાંસ્કૃતિક વારસાને પ્રદર્શિત કરે છે.

**(BYTE –AMIT SHAH)**

આ અગાઉ ગૃહમંત્રીએ મ્યુઝિકલ મ્યુઝિયમની પ્રગતિની સમીક્ષા કરી અને પ્રધાનમંત્રી મોદીની જીવનયાત્રાને દર્શાવતી એક ફિલ્મનું અનાવરણ કર્યું. તેમણે 72 કરોડ રૂપિયાનાં ખર્ચે નવીનીકરણ કરાયેલ પ્રોજેક્ટ 'પ્રેરણા સંકુલ'નું પણ ઉદ્ઘાટન કર્યું. આ શાળામાં પ્રધાનમંત્રીએ પોતાનું પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. 33.5 કરોડ રૂપિયાના સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનાં ઉદ્ઘાટન દરમિયાન શ્રી શાહે જણાવ્યું, "હવે, વડનગરના રમતવીરો પણ 2026 માં ઓલિમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે."

કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનને વડનગરને દેશને ઐતિહાસિક ધરોહર ગણાવતા આ મુજબ જણાવ્યું

**(BYTE : DHARMENDRA PRADHAN)**

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. શ્રી શાહે વડનગરનાં હાટકેશ્વર મંદિરમાં પૂજા અર્ચના કરી હતી.

સાંજે તેમણે મહેસાણા-ગાંધીનગર હાઇવે પર ગણપત યુનિવર્સિટીના 18મા દીક્ષાંત સમારોહમાં હાજરી આપી. ત્યારબાદ તેઓ અમદાવાદ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ફાસ્ટ ટ્રેક ઇમિગ્રેશન ટ્રસ્ટેડ ટ્રાવેલર પ્રોગ્રામ (FTI-TTP)નું ઉદ્ઘાટન કરવાના છે.

## 8$^{TH}$ PAGAR PANCH

કેન્દ્રીય મંત્રીમંડળે આજે આઠમા પગાર પંચની રચનાને મંજૂરી આપી દીધી છે, જે કેન્દ્ર સરકારના કર્મચારીઓના પગારમાં અને નિવૃત્ત કર્મચારીઓનાં પેન્શનમાં વધારાનાં મુદ્દે નિર્ણય લેશે.

કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે આ અંગે વધુ માહિતી આપી

(BYTE- ASHWINI VAISHNAV)

અધિકારીઓનાં જણાવ્યા પ્રમાણે આ નિર્ણયથી કેન્દ્ર સરકારનાં 50 લાખ કર્મચારીઓને લાભ થશે, જેમાં સંરક્ષણ કર્મચારીઓનો સમાવેશ થાય છે. આ ઉપરાંત 65 લાખથી વધુ પેન્શનધારકોને પણ તેનો લાભ થશે.

કર્મચારી સંઘો અને સંગઠનો દ્વારા 8મા પગાર પંચની રચનાની સતત માગણી થઈ રહી હતી. છેલ્લે 1 જાન્યુઆરી, 2016નાં રોજ પગાર વધારો થયો હોવાથી આગામી પગાર વધારો 1 જાન્યુઆરી, 2026થી થવાની સંભાવના છે."

કેન્દ્રીય મંત્રીમંડળે આંધ્રપ્રદેશનાં શ્રીહરિકોટામાં સતીશ ધવન સ્પેસ સેન્ટર ખાતે ત્રીજું લોંચ પેડ બનાવવા ત્રણ હજાર 900 કરોડ રૂપિયાનું રોકાણ કરવાનો પણ નિર્ણય લીધો છે

## BHARAT MOBILITY GLOBAL EXPO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે નવી દિલ્હીમાં ભારત મોબિલિટી ગ્લોબલ એક્સ્પો 2025નું ઉદ્ઘાટન કરશે. છ દિવસના આ એક્સ્પોમાં નવ શો, 20 થી વધુ કોન્ફરન્સ અને પેવેલિયનનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત, એક્સ્પોમાં ઉદ્યોગ અને પ્રાદેશિક સ્તર વચ્ચે સહયોગને સક્ષમ બનાવવા માટે રાજ્યોનં સત્રો પણ યોજાશે.

આ વર્ષના એક્સ્પોમાં વિશ્વભરના પ્રદર્શકો અને મુલાકાતીઓની ભાગીદારી સાથે વૈશ્વિક મહત્વ પર ખાસ ભાર મૂકવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## PREZ - NATIONAL SPORTS AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આવતીકાલે રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રીય રમત પુરસ્કાર 2024 એનાયત કરશે.

વિશ્વ ચેસ ચેમ્પિયન ડી ગુકેશ, પેરિસ ઓલિમ્પિક્સમાં પ્રથમ વખત બે ચંદ્રક વિજેતા મનુ ભાકર, ભારતીય હોકી ટીમના કેપ્ટન હરમનપ્રીત સિંહ અને પેરિસ પેરાલિમ્પિક્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા પ્રવીણ કુમારને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન પુરસ્કાર એનાયત કરવામાં આવશે. આ પુરસ્કાર છેલ્લા ચાર વર્ષના સમયગાળા દરમિયાન રમતગમત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન માટે આપવામાં આવે છે.

32 ખેલાડીઓને અર્જુન પુરસ્કાર આપવામાં આવશે. તેમાં એથ્લેટ્સ જ્યોતિ યારાજી અને અન્નુ રાની, બોક્સર નીતુ અને સવીતી, ચેસ ખેલાડી વાંતિકા અગ્રવાલ, હોકી ખેલાડીઓ સલીમા ટેટે, અભિષેક, સંજય, જર્મનપ્રીત સિંહ અને સુખજીત સિંહ ,પેરાતીરંદાજ  રાકેશ કુમાર, પેરા એથ્લેટ્સ પ્રીતિ પાલ, જીવનજી દીપ્તિ, અજિત સિંહ અને સચિન ખિલારીને પણ અર્જુન પુરસ્કાર આપવામાં આવશે.

પીઢ ખેલાડી સુચા સિંહ અને અનુભવી પેરા સ્વિમર મુરલીકાંત પેટકરને લાઇફ ટાઇમ અર્જુન પુરસ્કાર થી સન્માનિત કરવામાં આવશે.

પેરા-શૂટિંગ કોચ સુભાષ રાણા, શૂટિંગ કોચ દીપાલી દેશપાંડે, હોકી કોચ સંદીપ સાંગવાન, બેડમિન્ટન કોચ એસ મુરલીધરન અને ફૂટબોલ કોચ અરમાન્ડો એગ્નેલો કોલાકોને દ્રોણાચાર્ય પુરસ્કાર આપવામાં આવશે.

## GADKARI-CONCLAVE

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ જણાવ્યું કે સરકાર નાગરિકો માટે માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે. માર્ગ સલામતી પરના બીજા રાષ્ટ્રીય સંમેલનને સંબોધતા, શ્રીગડકરીએ જણાવ્યું હતું કે માર્ગ અકસ્માતોમાં લગભગ 66 ટકા મૃત્યુ 18-45 વર્ષની વય જૂથમાં થાય છે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે સરકારે કારની પાછળની સીટ પર બેઠેલા લોકો માટે સીટ બેલ્ટ પહેરવાનું ફરજિયાત બનાવ્યું છે, અને ઇલેક્ટ્રોનિક બ્રેકિંગ સિસ્ટમ જેવી તકનીકો પર પણ ભાર મૂક્યો છે. શ્રીગડકરીએ અધિકારીઓને વિનંતી કરી કે તેઓ લોકોને રસ્તા પર સંપૂર્ણ સલામતી અને સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે શું પરિણામો અને સાવચેતીઓ લઈ શકે છે તે વિશે શિક્ષિત કરે.

## SAIF ALI KHAN

એક હૂમલામાં ઇજાનો ભોગ બનેલા અભિનેતા સૈફ અલી ખાનની સ્થિતિ સ્થિર છે. લીલાવતી હોસ્પિટલના ડોક્ટરોએ જણાવ્યું છે કે, ગઈ કાલે રાત્રે બે વાગે સૈફને કરોડરજ્જુમાં ગંભીર ઇજાને કારણે ભરતી કરવામાં આવ્યા હતા. ગઈ કાલે અજાણ્યા હૂમલાખોરોએ સૈફ પર તેમનાં નિવાસસ્થાનમાં ચપ્પુથી હૂમલો કર્યો હતો. તેમનાં ડાબા હાથ અને ગરદન પર બે જગ્યાએ પણ પ્લાસ્ટિક સર્જરી પણ કરવામાં આવી છે. શ્રી ખાન આઇસીયુમાં ડોક્ટરોનાં સતત માર્ગદર્શન હેઠળ છે.

પોલીસે જણાવ્યું કે, હૂમલાખોરો લૂંટના ઇરાદાથી સીડીઓ દ્વારા સૈફનાં ઘરમાં ઘુસ્યા હતા. શંકાસ્પદોની ઓળખ કરી લેવામાં આવી છે અને તેમને શોધવા તથા પકડવા માટે 10 તપાસ ટૂકડી કામે લાગી ગઈ છે.

## RAJNATH - UK SECRETARY

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે આજે બ્રિટનના સંરક્ષણ સચિવ જોન હીલી સાથે ટેલિફોન પર વાતચીત કરી.

બંને મંત્રીઓએ સાંપ્રત સંરક્ષણ સહયોગના મુદ્દાઓ પર ચર્ચા કરી અને દ્વિપક્ષીય સંબંધોમાં ગતિ જાળવી રાખવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે ઇલેક્ટ્રિક પ્રોપલ્શન અને જેટ એન્જિન જેવા વિશિષ્ટ સંરક્ષણ ટેકનોલોજી ક્ષેત્રોમાં બંને દેશો વચ્ચે થયેલી પ્રગતિની પણ સમીક્ષા કરી. બંને મંત્રીઓએ ઇલેક્ટ્રિક પ્રોપલ્શન અંગે તાજેતરમાં થયેલા હસ્તાક્ષર પર સંતોષ વ્યક્ત કર્યો. ઇન્ડો-પેસિફિક બાબતો પર બ્રિટનના વધતા પ્રભાવ સાથે, બંને પક્ષો 2025માં સંયુક્ત કાર્ય અને દરિયાઇ જોડાણોની શક્યતાઓ પર કાર્ય કરશે

## VANDE BHARAT EXPRESS DELHI-KATRA

રેલવેએ આજથી દિલ્હી અને શ્રી માતા વૈષ્ણોદેવી, કટરા વચ્ચે ચાલતી વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન સેવાને આજથી 50 દિવસ માટે રદ કરવાની જાહેરાત કરી છે. આકાશવાણી જમ્મુના સંવાદદાતાના અહેવાલ મુજબ રદ કરાયેલી ટ્રેન જમ્મુ અને કાશ્મીરમાં નવી દિલ્હી અને કટરા વચ્ચે દોડે છે. આ ટ્રેન સેવા જાળવણી કાર્ય માટે કામચલાઉ ધોરણે રૂપે સ્થગિત કરવામાં આવી છે અને 6 માર્ચ સુધી રદ રહેશે

## BADMINTON- INDIA OPEN

ઈન્ડિયા ઓપન બેડમિન્ટન ટૂર્નામેન્ટની મહિલા સિંગલમાં પીવી સિંધુ અને પુરુષ સિંગલમાં કિરણ જ્યોર્જ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા છે.નવી દિલ્હીના ઇન્દિરા ગાંધી ઇન્ડોર સ્ટેડિયમમાં 46 મિનિટ ચાલેલા મુકાબલામાં સિંધુએ તેના પ્રતિસ્પર્ધી મનામી સુઈજુને 21-15, 21-13 થી હરાવી હતી. સિંધુએ મેચની શરૂઆતથી જ પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું અને વિરામ સુધી 11-6ની સરસાઈ સાથે પ્રવેશ કર્યો અને રમત 21-15થી પૂરી કરી. બીજા રાઉન્ડમાં, તેણીએ જાપાની ખેલાડીને વળતો પ્રહાર કરવાની કોઈ તક આપી નહીં. દરમિયાન કિરણ જ્યોર્જે ફ્રાંસના એલેક્સ લેનિયરને હરાવી ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યા છે. તેમણે એલેક્સ લેનિયરને 22-20, 21-13થી હરાવ્યા હતા. પીવી સિંધુ આવતીકાલે ઈન્ડોનેશિયાની ગ્રેગોરિયા મેરિસ્કા સામે તો કિરણ જ્યોર્જ ચીનના વેંગ હોંગયાંગ સામે ક્વાર્ટર ફાઇનલ રમશે.